# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) **જુનાગઢ મહાનગરપાલિકા અને 66 નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી 16 ફેબ્રુઆરીએ યોજાશે.**
2) **રાજ્ય સહિત દેશભરમાં આજથી 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજનાની 10મી વર્ષગાંઠની ઉજવણી કરાશે**
3) **ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ ઍરોબેટિક ટુકડી આજે વડોદરામાં ઍરોબેટિક પ્રદર્શન કરશે.**
4) **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ વર્ચ્યૂઅલ માધ્યમથી પોરબંદરના 19 કરોડથી વધુના કાર્યોનું ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું.**
5) **રાજ્યમાં આજથી લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# LOCAL BODIES ELECTION

રાજ્ય ચૂંટણી પંચે ગઈકાલે જુનાગઢ મહાનગરપાલિકા અને રાજ્યની 66 નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી છે. તમામ પાલિકાઓમાં આગામી 16 ફેબ્રુઆરીએ મતદાન અને 18 ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે. ઉપરાંત કઠલાલ, કપડવંજ અને ગાંધીનગરની સામાન્ય ચૂંટણી અને બોટાદ તેમજ વાંકાનેર નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણી જાહેર કરવામાં આવી છે. આ અંગે રાજ્ય ચૂંટણી પંચના કમિશનર ડૉક્ટર એસ. મુરલિક્રિશ્નાએ માહિતી આપી હતી.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે ભાજપના નેતા રજની પટેલે પ્રતિક્રિયા આપી હતી.

## (બાઈટઃ રજની પટેલ, નેતા, ભાજપ)

જ્યારે કૉંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે આ મુજબ પ્રતિક્રિયા આપી હતી.

## (બાઈટઃ શક્તિસિંહ ગોહિલ, અધ્યક્ષ, ગુજરાત કૉંગ્રેસ)

# SWAGAT MOKUF

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી જાહેર થતા અમલમાં આવેલી આચારસંહિતાના કારણે આ જાન્યુઆરી મહિનાનો જિલ્લા-તાલુકા અને રાજ્યનો સ્વાગત કાર્યક્રમ યોજાશે નહીં તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# MAHISAGAR ELECTION HORDINGS

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓની તારીખ જાહેર થતાં મહીસાગરમાં આચારસંહિતાનો અમલ શરૂ થયો છે. તે અંતર્ગત લુણાવાડા, બાલાસિનોર અને સંતરામપુર નગરપાલિકા સાથે કનોડ અને જોધપુર તાલુકા પંચાયતની ચૂંટણીને

લઈ જાહેરાતોના હોર્ડિંગ્સ તેમજ રાજકીય બેનરો હટાવવાની કામગીરી હાથ ધરાઈ હોવાનો અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે.

# BETI BACHAO BETI PADHAO ABHIYAN

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાજ્ય સહિત દેશભરમાં 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજનાની 10મી વર્ષગાંઠની ઉજવણી કરાશે. તે અંતર્ગત રાજ્ય અને જિલ્લા સ્તરે આજથી 8 માર્ચ સુધી વિશેષ કાર્યક્રમો યોજાશે. આ પ્રવૃત્તિઓમાં રેલીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સન્માન સમારંભો અને સંકલ્પ, મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર, શાળાની વિદ્યાર્થિનીઓ, સફળ મહિલાઓ અને સામુદાયિક જૂથો સહિત વિવિધ હિતધારકોને જોડવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, દીકરીઓના રક્ષણ, શિક્ષણ અને સશક્તિકરણ માટે એક દાયકાનાં સતત પ્રયાસોની સફળતા પ્રસંગે આજે નવી દિલ્હીમાં આયોજિત કાર્યક્રમમાં સશસ્ત્ર દળો, અર્ધ-લશ્કરી દળો, દિલ્હી પોલીસ, વિદ્યાર્થિનીઓ અને આંગણવાડી કાર્યકરો ભાગ લેશે.

# VADODARA AIRFORCE

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ ઍરોબેટિક ટુકડી આજે વડોદરામાં ઍરોબેટિક પ્રદર્શન કરશે. ત્યારબાદ વાયુસેનાની આ ટુકડી 25 અને 26 જાન્યુઆરીએ જામનગર, 29 જાન્યુઆરીએ નલિયા અને 31 જાન્યુઆરી તેમજ પહેલી ફેબ્રુઆરીએ ભુજમાં એર-શૉ યોજશે.

એર શૉ દરમિયાન આ સાહસિકો લૂપ્સ, રૉલ્સ, હેડ-ઑન ક્રોસ, બઝ અને ઈન્વર્ટેડ ફ્લાઇંગ જેવા શ્વાસ થંભાવી દેનારા ઍરોબેટિક દાવપેચનું પ્રદર્શન કરશે. તેઓ લોકપ્રિય DNA દાવપેચ પણ રજૂ કરશે, જેમાં 5 વિમાન સાથે મળીને આકાશમાં DNAના માળખા જેવા હેલિક્સની રચના બનાવશે.

# MANSUKH MANDAVIYA LOKARPAN

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ ગઈકાલે વર્ચ્યૂઅલ માધ્યમથી પોરબંદર જિલ્લાના 19 કરોડ 47 લાખથી વધુના વિકાસકાર્યોનું ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. શ્રી માંડવિયાએ પોરબંદર-દિલ્હી સરાય રોહીલ્લા અને પોરબંદર મુઝ્ઝફરનગર પોરબંદર દ્વિ સાપ્તાહિક ટ્રેનનાં LHB ટ્રેનમાં રૂપાંતરણનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ અંગે જિલ્લા વિકાસ અધિકારી કેતન ઠક્કરે માહિતી આપી હતી.

## (બાઈટઃ કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી)

આ પ્રસંગે શ્રી માંડવિયાએ જણાવ્યું કે, સરકાર દ્વારા સ્વાસ્થ્ય માટેની વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે અને 60 કરોડ લોકોને આયુષ્માન ભારત યોજનામાં સામેલ કરાયા છે.

# WEATHER

રાજ્યમાં આજથી લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

સત્તાવાર યાદી મુજબ, છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 11 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે ભુજ, કેશોદ અને ગાંધીનગરમાં 14, કંડલા હવાઈમથક, અમરેલી, રાજકોટ, પોરબંદર અને ડીસામાં 15 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું હતું. જ્યારે અમદાવાદ સિવાયના તમામ શહેર અને જિલ્લામાં લઘુત્તમ તાપમાન 16 ડિગ્રીથી વધુ નોંધાયું હતું.

# DIU POSTAL SANMAN

ભારતીય ટપાલ વિભાગ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ દીવને સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ યોજના ક્ષેત્ર બનાવવા બદલ સન્માન સમારોહ યોજાયો. ઘોઘલા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના સભાખંડ ખાતે યોજાયેલા સમારોહમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ કેશોદ, જુનાગઢ, વેરાવળ વગેરેના ટપાલ વિભાગના કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલા પોસ્ટ માસ્ટર જનરલ ક્રિષ્ણાકુમાર યાદવે આ અંગે વધુ માહિતી આપી હતી.

## (બાઇટ- કૃષ્ણ કુમાર યાદવ, પોસ્ટ માસ્ટર જનરલ)

# DADRA NAGAR HAVELI ROJGAR MELO

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર અને હવેલીમાં સ્થાનિક યુવાનોને રોજગારીની તક પૂરી પાડવા ગઈકાલે ચાર સ્થળ પર રોજગાર મેળો યોજાઈ ગયો. આ મેળામાં અંદાજે એક હજાર ઉમેદવારોએ ભાગ લીધો હતો, જેમાંથી 600થી વધુ ઉમેદવારોની વિવિધ પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા સ્થળ પર જ પસંદગી કરવામાં આવી હતી.

# HIMOFILIYA INJECTION

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં હિમોફિલિયાના દર્દીઓને 30 હજાર રૂપિયાની કિંમતના 11,000થી વધુ ઇન્જેક્શન વિનામૂલ્યે અપાયા છે. વર્ષ 2012માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હિમોફિલિયાના દર્દીઓને નિ:શુલ્ક ઇન્જેક્શન આપવાની શરૂઆત કર્યા બાદ શારીરિક ખોડખાપણ કેસમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

હાલ રાજ્યમાં હિમોફિલિયાના 3 હજાર દર્દી છે, જેમાંથી 500થી વધુ દર્દીઓ સુરતમાં છે. રાજ્યનું એકમાત્ર હિમોફિલિયા કેર સેન્ટર સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં કાર્યરત્ છે. આ સેન્ટરમાં દર્દીઓને વિના મૂલ્યે સંભાળ, રક્ત પરીક્ષણ અને સારવાર આપવામાં આવે છે.

અહીં ઉચ્ચ કક્ષાની સારવાર અને સંભાળ ઉપલબ્ધ હોવાને કારણે અન્ય રાજ્યો તથા ભારત ઉપરાંત ઝામ્બિયા, દુબઈ જેવા દેશોમાંથી પણ દર્દીઓ સુરતના હિમોફિલિયા કેર સેન્ટરમાં સારવાર હેતુ આવે છે.

# GOVERNER - BHAVNAGAR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગઈકાલે ભાવનગરમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. દરમિયાન શ્રી દેવવ્રતે રાસાયણિક ખેતી આવનારી પેઢીના સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે નુકશાનકારક હોવાનું જણાવ્યું હતું. આ સાથે જ તેમણે પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી, જીવામૃત અને ઘન જીવામૃત વગેરે બનાવવા અંગે પણ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.